આંક–૭૦

રજુ તારીખ	૦૭/૧૧/૨૦૦૧
દાખલ તારીખ	૦૭/૧૧/૨૦૦૧
ફેંસલ તારીખ	૨૮/૦૫/૨૦૧૯
સમયગાળો	વર્ષ :૧૭ માસ:૦૬ દિન: ૨૧

મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ.

રેફરન્સ (ટી) નં. : ૧૪૮૫/૨૦૦૧

પ્રથમ પક્ષકાર : ૧) દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ,
૨) ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસર્સ,
૩) આઈ.પી.સી.એલ.ઈન્ડસ્ટ્રીઝ,
હે.બાલક્રિષ્ણ એસ્ટેટ, શેડ નં.૪, રખીયાલ, અમદાવાદ.

: વિ રૂ દ્ધ :

બીજા પક્ષકાર : ૧) રામનારાયણ રાજારામ યાદવ,
૨) અયોધ્યાપ્રસાદ ત્રિલોકી સોની,
૩) ગોપાલભાઈ પુંજાભાઈ પરમાર,
૮/૦.ગુજરાત ઔધોગિક કામદાર મહામંડળ,
હે.૪૯૨/૨૯૫૦, ગુજરાત હાઉસીંગ બોર્ડ,
બાપુનગર, અમદાવાદ

પ્રથમ પક્ષકારો તરફે : વિ.વ.શ્રી બી.બી.હેસીયા.
બીજા પક્ષકાર તરફે: યુનિ.પ્રતિ.શ્રી કાશ્મીરાબેન શાહ.

–:: એ વો ર્ડ ::–

૧. હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકારો અને બીજા પક્ષકારોને અનુક્રમે ''સામાવાળાઓ'' અને ''અરજદારો'' તરીકે સંબોધવામાં આવેલા છે.

૨. આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં

સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : કેએચ/ એસએચએમસી/ આર/ ક – એજે/ આઈડીઆર/૫૪૮ થી ૫૫૦/૦૧ થી પત્ર ક્રમાંક : ૧૬૭૬૭, તા.૨૩–૧૦–૨૦૦૧ અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

(૧) શ્રી રામનારાયણ રાજારામ યાદવ, (૨) અયોધ્યાપ્રસાદ ત્રિલોકી સોની, (૩) ગોપાલભાઈ પુંજાભાઈ પરમારને તેમની મુળ જગાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૩. આ કામમાં અરજદારો તરફેથી આંક–૭ થી માંગણાનું નિવેદન રજુ કરેલ, જેની ટુંકમાં હકીકત એવી છે કે,

અરજદારો પરિશિષ્ટ–અ માં તેમના નામની સામે દર્શાવેલ સમયથી, હોદ્દા પર અને પગારથી કાયમી કામદારો તરીકે સામાવાળા સંસ્થાઓમાં નોકરીની ફરજો બજાવતા હતાં. તેમનો નોકરીનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો હતો. સામાવાળા ત્રણેય સંસ્થાઓના માલિકો યા ભાગીદારો મોટાભાગે કોમન યા એક જ કુટુંબના સભ્યો છે અને ત્રણેય સંસ્થાઓનો વહીવટ, દેખરેખ, અંકુશ અને સંચાલન એક જ જગ્યાએથી એક જ સરનામેથી અને એક જ કુટુંબના સભ્યો ધ્વારા થાય છે અને સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ કામદારોને એકમાંથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતા હતા. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા ત્રણેય સંસ્થાઓ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ છે, જેમાં ૧૦ જેટલા કામદારો નોકરીની ફરજો બજાવે છે અને સંસ્થાઓને સંયુકત રીતે અને અલગ અલગ રીતે આઈ.ડી.એકટ, મીનીમમ વેજીસ એકટ, ફેકટરી એકટ / ગુમાસ્તા ધારાની વિવિધ મજુર કાયદાની જોગવાઓ કાયદેસર રીતે લાગુ પડે છે. અરજદારોને સંસ્થાઓ તરફથી હાજરીકાર્ડ, પગાર સ્લીપ, રજાના કાર્ડ કે ઓળખપત્ર કશું જ આપવામાં આવતું ન હતું તેમજ તેઓની પાસેથી ૧૨–૧૨ કલાક ઓવરટાઈમ કામગીરી કરાવવા છતાં વધારાની લેવામાં આવતી ચાર કલાક

કામગીરીનું ઓવરટાઈમ વેતન, મહેનતાણું યા વળતર તેઓને ચુકવવામાં આવતું ન હતું. અરજદારોને સંસ્થા દ્વારા લઘુતમ વેતન ધારા હેઠળ ફીકસ કરવામાં આવેલ લઘુતમ વેતનો તથા દર છ મહીને ગુજરાત સરકાર તરફથી જાહેર કરવામાં આવતું સ્પેશ્યલ એલાઉન્સ પણ તેઓને ચુકવવામાં આવતું ન હોવાથી તેઓ જુલાઈ–૨૦૦૦ માં યુનિયનમાં જોડાતા અને યુનિયન મારફતે જે તે કોમ્પીટન્ટ ઓથોરીટી અને નામદાર અદાલત સમક્ષ ફરીયાદો, રજુઆત અને કેસો દાખલ કરવામાં આવતા સંસ્થા અને કામદારો વચ્ચે તા.૨૭–૩–૦૧ ના રોજ સમાધાન કરવામાં આવેલ અને તે મુજબ કામદારોને તેમની જુની સર્વિસના કાયદેસરના હકકો અધિકારોના નાણા ચુકવી દઈ તા.૧–૪–૦૧ ના રોજથી કામદારોને ફ્રેશ એપોઈન્ટમેન્ટ આપી નવેસરથી રાખવાની જોગવાઈ હતી, જે સમાધાન મુજબ કામદારોને માર્ચ–૨૦૦૧ માસ સુધીનો પગાર આપીને સંસ્થાઓએ કામદારોને તા.૧–૪–૦૧ થી નોકરીમાં તો સમાવી લીધેલા પણ તા.૧–૪–૦૧ ના રોજ બાદ તેઓને સંસ્થાએ સમાધાનની શરતો મુજબ ફ્રેશ એપોઈન્ટમેન્ટ ઓર્ડર ઈસ્યુ કરેલ નથી અને તેઓને એપ્રીલ–૨૦૦૧ બાદ પણ સંસ્થા તરફથી કયારેય હાજરીકાર્ડ, પગાર સ્લી, રજાના કાર્ડ કે ઓળખપત્ર આપવામાં આવેલ નહીં, જેથી તેઓએ વખતો વખત સંસ્થાના સંચાલકો સમક્ષ યા ભાગીદારો સમક્ષ તે અંગે માંગણીઓ અને રજુઆતો કરતા સંચાલકો તરફથી તેઓને તા.૨૨–૬–૦૧ ના રોજથી કોઈ નોટીસ, નોટીસ પગાર આપ્યા વગર કે કાયદેસરના હકકો અધિકારોનું વળતર ચુકવ્યા વગર ક કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કરી, તેઓને બચાવની તક આપ્યા વગર કે તેમના કોઈપણ જાતના વાંક કે ગુના વગર માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છટા કરી દેવામાં આવ્યા છે. વધુમાં જણાવેલ છે કે, તેઓને સામાવાળા સંસ્થાના સંચાલકો દ્વારા નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવતા તેઓઅ મદદનીશ મજુર કમિશ્નરશ્રી સમક્ષ નોકરીમાં પુન:સ્થાપિત થવા ફરીયાદ લખાવેલ, જેમાં સમાધાન શકય ન બનતા સદર કામ

અત્રે ન્યાય નિર્ણય માટે રીફર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે તેઓને નોકરીમાંથી છુટા કરવા માટે સંસ્થાઓ પાસે કોઈપણ જાતનું ન્યાયી અને વ્યાજબી કારણ ઉપલબ્ધ થયેલ ન હતું અને તે કામગીરી તેઓ કરતા હતા તે કામગીરી આજે પણ ચાલુ છે, જે બીજા નવા માણસોને રાખીને તેમની પાસેથી કરાવવામાં આવે છે. વધુમાં જણાવેલ છે કે, તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓએ નોકરી મેળવવા બીજી ઘણી જગ્યાએ પ્રયત્નો કરવા છતાં તેઓને નોકરી મળી શકેલ નથી અને તેઓ આજે પણ બેકારીની હાલમાં જીવી રહયા છે, જો સામાવાળા સંસ્થાઓ તેઓને આજે પણ કામ પર રાખે તો કામ પર હાજર થવા તૈયાર છે. વધુમાં જણાવેલ છે કે, તેઓએ તેમના યુનિયન મારફતે સામાવાળા સંસ્થાઓને તા.૯–૩–૦૧ ના રોજ એક નોટીસ મોકલાવી તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરવા વિનંતી કરેલ, જે નોટીસ પૈકી નં.૨ અને ૩ સંસ્થાઓ તરફથી નોટીસ રીફયુઝના શેરા સાથે પરત મોકલવામાં આવેલ, જયારે સામાવાળા નં.૧ ને નોટીસ મળવા છતાં તેઓ કોઈ જવાબ આપેલ નથી કે તેમાં જણાવ્યા પ્રમાણેનું વર્તન કરવામાં આવેલ નથી. જેથી તેઓને સામાવાળા સંસ્થાઓનું તા.૨૨–૬–૦૧ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય અયોગ્ય અને ગેરકાયદેસરનું જાહેર કરી સામાવાળા સંસ્થાઓ તેઓને પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો એવોર્ડ કરવા તથા રેફરન્સનું ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

૪. આ કામમાં સામાવાળા નં.૧ ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસરે આંક–૧૧ થી લેખીત જવાબ રજુ કરીને અરજદારોના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, પરિશિષ્ટિ–અ માં દર્શાવલ રામનારાયણ રાજારામ યાદવ, અયોધ્યાપ્રસાદ ત્રિલોકી સોની, ગોપાલભાઈ પુંજાભાઈ પરમાર અને સામાવાળા નં.૧ ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસીંગ વચ્ચે કયારેય પણ માલીક અને નોકરના સંબંધો પ્રસ્થાપિત થયેલા ન હોઈ અને તેઓએ તેમને કયારેય પણ કામ પર રાખેલા ન હોઈ, સદર મુદ્દો કેસના મુળમાં

ધા કરતો હોઈ તે મુદૃાને પ્રાથમિક મુદૃા તરીકે ગણવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારો અને તેઓ વચ્ચે કયારેય પણ માલીક અને નોકરના સંબંધો પ્રસ્થાપિત થયેલા ન હોઈ અરજદારોને નોકરી પર રાખવાનો કે છુટા કરવાનો કે જે કામગીરી કરતા તે કામગીરી સંસ્થામાં ચાલુ હોવા અંગેની રજુઆત પણ અપ્રસ્તુત અને બીનપાયાદાર છે. તેમજ આ કામના અરજદારોએ તેઓને ત્યાં કયારેય કામ કરેલ ન હોઈ તેમને કામ પર રાખવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારોએ સામાવાળા નં.૧ ને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડીને પૈસા પડાવવાની બદદાનતથી ખોટો રેફરન્સ કરાવેલ છે. અરજદારોએ સામાવાળા નં.૧ ને ત્યાં કયારેય પણ કામ કરેલ ન હોઈ તેઓને નોકરીમાંથી છુટા કરવાનો કે કાયદેસના હકકો ચુકવવાનો કે ખાતાકીય તપાસ કરવાનો કે કોઈ હકક અધિકાર ચુકવવાનો કોઈ પ્રશ્ન કાયદેસર ઉપસ્થિત થતો નથી તેમ ઠરાવી સદર રેફરન્સ સામાવાળા નં.૧ સામે ટકી શકે તેમ ન હોઈ રદ કરવા અરજ કરેલ છે.

૫. આ કામમાં સામાવાળા નં.ર દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝે આંક–૧ર થી લેખીત જવાબ રજુ કરીને અરજદારોના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારો સામાવાળા નં.૧ દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝમાં નોકરીમાં કરતા હતાં. સંસ્થા ઘણા સમયથી નાણાકીય ભીડ ભોગવતી હતી અને બજામાં તીવ્ર હરીફાઈને લીધે તેમને માટે ધંધો ચાલુ રાખવો ખૂબ જ મુશ્કેલ હતો, જેથી તા.ર૪–ર–૦૧ ના રોજ સંસ્થા કાયમી માટે બંધ થઈ ગયેલ છે અને સામાવાળા નં.ર ની સંસ્થામાં કામ કરતા અજદારો રામનારાયણ રાજારામ યાદવ, અયોઘ્યાપ્રસાદ સોની અને ગોપાલભાઈ પરમારને તેમના કાયદેસરના નીકળતા તમામ હકકો આપીને ગુજરાત ઔદ્યોગિક કામદાર મહામંડળના આગેવાનની હાજરીમાં અને અરજદારોની હાજરીમાં સુખદ સમાધાન થવા પામેલ અને તા.ર૭–ર–૦૧ ના રોજ સમાધાન થતા અરજદારોને સામાવાળા નં.ર ને ત્યાં

જેટલો સમય નોકરી કરી તે અંગેના કાયદેસરના તમામ હકકોના નાણા રોકડમાં ચુકવી આપવામાં આવેલ છે અને અરજદારો અને સામાવાળા નં.ર એ સાથે બેસીની નોકરીની શરતો અંગેનો તમામ હિસાબ રાજીખુશીથી સમજી લીધેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારોને તેમના પ્રતિનિધિની હાજરીમાં નોકરીના વર્ષો તેમજ અન્ય હકકોની ચકાસણી કરી અને સમાધાનના પેરા–ર માં જણાવેલ નામ સામેના કાયદેસના હકકોની રકમ ચુકવી આપવા સામાવાળા નં.ર સહમત થયેલ અને તે પ્રમાણે અરજદારોને તેમના કાયદેસરના નીકળતા તમામ હકકોના નાણા ફુલ એન્ડ ફાયનલ સમાધાન સ્વરૂપે ચુકવી આપેલ છે અને અરજદારોએ સમાધાનમાં એવું પણ કબુલ કરેલ છે કે સદર સમાધાન થવાથી અરજદારો અને સામાવાળા નં.ર વચ્ચે માલીક અને નોકરના સંબંધોનો કાયદેસર રીતે અંત આવેલ છે. વધુમાં સામાવાળા નં.ર એ જણાવેલ છે કે, તા.ર૪–ર–૦૧ ના રોજ સંસ્થા બંધ થઈ ગયા પછી અને તા.ર૭–ર–૦૧ ના રોજ પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયા બાદ અરજદારોને કયારેય પણ તેઓએ તેમની સંસ્થામાં કામે રાખવા કોઈ ખાતરી આપેલ નથી કે તેમણે કયારેય પણ સામાવાળા નં.ર ની સંસ્થામાં અરજદારોના જણાવ્યા પ્રમાણે તેમણે કામ કરેલ નથી અને સામાવાળા નં.ર ની સંસ્થા તા.ર૪–ર–૦૧ પછીથી કયારેય ચાલુ કરેલ નથી, જેથી અરજદારોના જણાવ્યા પ્રમાણે તા.રર–૬–૦૧ ના રોજથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન કાયદેસર રીતે ઉપસ્થિત થતો નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદારો અને યુનીયન વચ્ચે તેમની નોકરીની શરતો અંગેનું સુખદ સમાધાન થયેલ હોવા છતાં તેમજ સમાધાન મુજબના પૈસા ચુકવી આપેલ હોવા છતાં પૈસા લઈને પાછળથી ખોટા અને ઉપજાવી કાઢેલા કારણો જોડી વધારાના પૈસા પડાવવાના બદદાનતથી રેફરન્સ કરેલ છે જે કાયદેસર ટકી શકે તેમ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદારો અને યુનિયન સાથે તા.ર૭–ર–૦૧ ના રોજ સમાધાન થયલ તેમાં અરજદારોને ફ્રેસ નિમણુંક આપવાની પણ કોઈ ખાતરી સામાવાળા નં.ર તરફથી આપવામાં આવેલ

નથી અને તા.૨૪–૨–૦૧ પછી તેમની સંસ્થા કયારેય પણ ચાલુ થયેલ નથી, જેથી હાજરીકાર્ડ, પગાર સ્લીપ કે ઓળખપત્ર આપવાનો કોઈ પ્રશ્ન કાયદેસર રીતે ઉપસ્થિત થતો નથી. જેથી સ્ટેટમેન્ટ ઓફ કલેઈમના પેરા–૯ માં જણાવ્યા મુજબ તા.૨૨–૬–૦૧ ના રોજથી નોકરીમાં સળંગ નોકરી ગણી પડેલા દિવસોના ગપાર સાથે પુન:સ્થાપિત થવાની માંગણી કે અન્ય બીજી કોઈ દાદ માંગવા હકકદાર થતા નથી તેમ ઠરાવી રેફરન્સ ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

૬. આ કામમાં સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ.એન્ટરપ્રાઈઝ નાએ આંક–૧૩ થી લેખીત જવાબ રજુ કરીને અરજદારોના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, સામાવાળા નં.૩ અને અરજદારો વચ્ચે કયારેય પણ માલીક અને નોકરના સંબંધો હતા નહીં તેમજ અરજદારોને સામાવાળા નં.૩ સંસ્થાએ કયારેય પણ કોઈપણ પ્રકારના હોદ્દા ઉપર કામ પર રાખેલા નથી, સદર મુદ્દો કેસના મુળમાં ઘા કરતો હોઈ તે મુદ્દાને પ્રાથમિક મુદ્દા તરીકે ગણવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૩ ની પ્રવૃતિ ફકત ટ્રેડીંગની પ્રવૃતિ છે, તેમાં અરજદારોને તેઓએ કયારેય પણ નોકરી પર રાખેલ નથી અથવા તો સામાવાળા નં.૩ સંસ્થામાં કોઈ મેન્યુફેકચરીંગ પ્રોસેસ પણ થતું ન હોઈ, કોઈ ઓપરેટર કે હેલ્પર કે કોઈ કારીગરો રાખવાની કોઈ જરૂરીયાત કાયદેસર રીતે ઉપસ્થિત થતી નથી. હાલમા પણ તેમનું યુનિટન ફકત ટ્રેડીંગનું કામ કરે છે અને તેમની સંસ્થામાં કોઈ મશીનો પણ આવેલ નથી. આથી આ મુદ્દા ઉપર અરજદારોનો રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

સામાવાળા નં.૩ તરફે આંક–૫૦ થી આંક–૧૩ ના જવાબમાં સુધારો કરવા અંગેની અરજી રજુ કરેલ છે. જે અરજી મંજુર થતાં સામાવાળા નં.૩ નાએ આંક–૫૨ થી સુધારેલ લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં પેરા–૧૬(એ) માં એવું જણાવેલ

છે કે, તેમની સંસ્થા તા.૩૧–૩–૨૦૦૬ ના રોજથી બંધ થઈ ગયેલ હોઈ અરજદારોને નોકરી મુળ જગ્યા ઉપ સળંગ નોકરીથી પડેલા દિવસોના પગાર સાથે સામાવાળા નં.૩ સંસ્થામાં પુન:સ્થાપિત થવાની દાદ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

૭. આ કામે અરજદાર તરફેથી નીચે મુજબનો પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવો :–

ક્રમ નં.	વિગત	આંક
૧.	રામનારાયણ રાજારામ યાદવની સોગંદ ઉપરની સરતપાસ,	૧૫
૨.	અયોધ્યાપ્રસાદ ત્રિલોકી સોનીની સોગંદ ઉપરની સરતપાસ	૧૬
૩.	ગોપાભાઈ પુંજાભાઈની સોગંદ ઉપરની સરતપાસ	૧૭

દસ્તાવેજી પુરાવો :–

ક્રમ નં.	વિગત	આંક/માર્ક
૧.	અરજદાર અયોધ્યાપ્રસાદના પુત્રી રેણુંના બેંક ખાતાના પાસબુકની ઝેરોક્ષ નકલ.	૩૨/૧
૨.	અરજદાર અયોધ્યાપ્રસાદના પુત્રી કોમલના બેંક ખાતાના પાસબુકની ઝેરોક્ષ નકલ.	૩૨/૨
૩.	અરજદાર અયોધ્યાપ્રસાદના પુત્ર વિશાલના બેંક ખાતાના પાસબુકની ઝેરોક્ષ નકલ.	૩૨/૩
૪.	સામાવાળા નં.૧ ને કરેલ રજી.એ.ડી.ની પહોંચ	૩૪/૧
૫.	સામાવાળા નં.૨ નું રીફયુઝના શેરા સાથે પરત આવેલ કવર	૩૪/૨
૬.	સામાવાળા નં.૩ નું રીફયુઝના શેરા સાથે પરત આવેલ કવર	૩૪/૩
૭.	મીનીમમ વેજીસ ઈન્સ્પેકટરને કરેલ ફરીયાદની નકલ.	૩૪/૪
૮.	ફેકટરી ઈન્સ્પેકટરને કરેલ ફરીયાદની નકલ.	૩૪/૫
૯.	નોટીસની નકલ.	૩૫/૧
૧૦.	એકનોલેજમેન્ટ પહોંચ.	૩૫/૨
૧૧.	સામાવાળા નં.૨ નું રીફયુઝના શેરા સાથે પરત આવેલ કવર	૩૫/૩
૧૨.	સામાવાળા નં.૩ નું રીફયુઝના શેરા સાથે પરત આવેલ કવર	૩૫/૪

૧૩.	સંસ્થાના જવાબની નકલ.	૩૫/૫
૧૪.	ઉપરોકત પત્રનો યુનિયને મોકલેલ જવાબની નકલ.	૩૫/૬
૧૫.	એકનોલેજમેન્ટ સ્લીપ.	૩૫/૭
૧૬.	યુનિયનના પત્રનો સંસ્થાએ આપેલ જવાબની નકલ.	૩૫/૮
૧૭.	સંસ્થાનું કવર અસલ.	૩૫/૯
૧૮.	અરજદાર અયોધ્યાપ્રસાદ સોનીની બેંક પાસબુકની નકલ	૩૭
૧૯.	અરજદાર ગોપાલભાઈ પરમારની બેંક પાસબુકની નકલ	૪૧

અરજદાર તરફે આંક–૪૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

૮. આ કામે સામાવાળા તરફેથી નીચે મુજબનો પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>

ક્રમ નં.	વિગત	આંક
૧.	ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસરના સાહેદ શ્રી વાલજીભાઈ રામજીભાઈ વરસાણાની સોગંદ ઉપરની સરતપાસ (સામા.નં.૨ તરફે)	૫૩
૨.	આઈપીસીએલના સાહેદ શ્રી નીરવભાઈ શામજીભાઈની સોગંદ ઉપરની સરતપાસ (સામા.નં.૩)	૫૭
૩.	સામાવાળા તરફેથી સાહેદ રાજીવનંદન પ્રસાદની સોગંદ ઉપરની જુબાની	૬૧

<u>દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ નં.	વિગત	આંક/માર્ક
૧.	સમાધાનની નકલ	૧૪/૧
૨.	શીવશંકર યાદવને પૈસા ચુકવ્યાની રસીદ.	૧૪/૨
૩.	અયોધ્યાપ્રસાદ ત્રિલોકીને પૈસા ચુકવ્યાની રસીદ.	૧૪/૩
૪.	રામલાલ યાદવને પૈસા ચુકવ્યાની રસીદ.	૧૪/૪
૫.	ગોપાલભાઈ પરમારને પૈસા ચુકવ્યાની રસીદ.	૧૪/૫
૬.	રામનારાયણ રાજારામને પૈસા ચુકવ્યાની રસીદ.	૧૪/૬
૭.	ઈકોના પ્લાસ્ટ પ્રોસેસર્સનું નોંધણીના પ્રમાણપત્રની નકલ.	૨૦/૧
૮.	ઈકોના પ્લાસ્ટ પ્રોસેસર્સના એપ્રીલ–૦૧ થી માર્ચ–૦૨ સુધીના પગારપત્રક અસલ	૨૦/૨

૯.	ઈકોના પ્લાસ્ટ પ્રોસેસર્સના એપ્રીલ–૦૧ થી માર્ચ–૦૨ સુધીના હાજરીપત્રક અસલ	૨૦/૩
૧૦.	વસુલાત અ.નં.૩૦૬૯/૮૭ ની નોટીસની નકલ	૨૧/૧
૧૧.	રીકવરી અરજી નં.૩૦૬૯/૮૭ ની આંક–૧ ની નકલ.	૩૧
૧૨.	સામાવાળા નં.૨ નું ગુમાસ્તા ધારાનું પ્રમાણપત્ર રદ કરવાની અરજી અસલ	૨૧/૩
૧૩.	સમાધાનની નકલ	૨૯
૧૪.	સામાવાળા નં.૨ એ સેલ્સ ટેક્ષ નંબર કેન્સલ કરવા કરેલ અરજી.	૨૧/૫
૧૫.	સામાવાળા નં.૨ નો સેલ્સ ટેક્ષ નંબર કેન્સલ કર્યાનો હુકમ	૨૧/૬
૧૬.	વેચાણવેરા અધિકારીનો સામાવાળા નં.૨ નો નમુનો ૩૯(ખ) નો હુકમ	૨૧/૭
૧૭.	રામનારાયણ યાદવને સમાધાન મુજબ ચુકવેલ રકમની રસીદો	૨૧/૮
૧૮.	અયોધ્યાપ્રસાદને સમાધાન મુજબ ચુકવેલ રકમની રસીદ	૩૦
૧૯.	ગોપાલભાઈને સમાધાન મુજબ ચુકવેલ રકમની રસીદ	૩૯
૨૦.	સામાવાળા નં.૩ નું નોંધણીનું પ્રમાણપત્ર	૨૨/૧
૨૧.	સામાવાળા નં.૩ ની નોંધણી રદ કરવાની અરજી.	૨૨/૨
૨૨.	સામાવાળા નં.૩ ની સેલ્સ ટેક્ષ નંબર રદ કરવાની અરજી.	૨૨/૩
૨૩.	સામાવાળા નં.નો વેચાણવેરા હેઠળ આકારણીનો હુકમ	૨૨/૪
૨૪.	સામાવાળા નં.૩ ની ભાગીદારી પેઢીના વિસર્જનના દસ્તાવેજની નકલ.	૨૨/૫
૨૫.	સામાવાળા નં.૩ નું ૧–૪–૦૧ થી માર્ચ–૦૨ સુધીનું પગારપત્રક અસલ	૨૨/૬
૨૬.	સામાવાળા નં.૩ ની ભાગીદારી પેઢી છુટી થયાના કરારની નકલ.	૪૯/૧
૨૭.	ભાગીદારી દસ્તાવેજની નકલ	૫૬/૧
૨૮.	ભાગીદારી દસ્તાવેજની નકલ	૫૬/૨
૨૯.	આઈ.પી.સી.એલ. ની ભાગીદારી ફેરફારના દસ્તાવેજની નકલ	૫૬/૩
૩૦.	સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાના સાક્ષી દ્વારા અરજદારોના રજુ કરેલ બેન્ક સ્ટેટમેન્ટ	૬૨

આ કામમાં સામાાળાઓ તરફેથી આંક–૫૪, ૫૫ તથા ૬૬ થી કલોઝીંગ પુરસીસો રજુ કરેલ છે.

૯. ત્યારબાદ આ કામે અરજદાર તરફે મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે સામાવાળાઓ તરફે આંક–૬૯ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. જેની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે.

૧૦. ઉપરોકત ઔદ્યોગીક વિવાદના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– : : મુ દ્દા ઓ : : –

(૧) શું આ કામના અરજદારોને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું આ કામના અરજદારો તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત, સળંગ નોકરી સહીત પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

૧૧. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

–:: કા ર ણો ::–

૧૨. મુદ્દા નં.૧ અને ૨ :–

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓ ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

આ કામમાં હાલનો ઔદ્યોગિક વિવાદ કુલ ૩ અરજદારોનો એકી સાથે કુલ ૩ સામાવાળી સંસ્થા સામે ન્યાય નિર્ણય અર્થે સુપરત કરવામાં આવેલ છે. અરજદારોનું કથન જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે, તેઓ માંગણાના નિવેદન સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના સમયથી હોદ્દા ઉપર અને પગારથી કાયમી કામદારો તરીકે સામાવાળી સંસ્થાઓમાં નોકરીની ફરજો બજાવતા હતાં. માંગણાના નિવેદન સાથેનું પરિશિષ્ટિ–અ જોવામાં આવે તો અરજદાર નં.૧ રામનારાયણ રાજારામ યાદવ અને અરજદાર નં.ર અયોઘ્યાપ્રસાદ ત્રિલોકી સોની ૧૯૮૦ થી ઓપરેટરના હોદ્દા ઉપર દૈનિક રૂા.૭ર.૬૫ ના પગારથી તેમજ અરજદાર નં.૩ ગોપાલભાઈ પુંજાભાઈ પરમાર પણ ૧૯૮૦ થી હેલ્પરના હોદ્દા ઉપર દૈનિક રૂા.૭૦.૧૫ પૈસાથી કામ કરતા હતા તેવું જણાવેલ છે. વધુમાં અરજદારના કથન મુજબ સામાવાળી ત્રણેય સંસ્થાઓના માલીક અથવા તો ભાગીદારો મોટા ભાગે કોમન યા તો એક જ કુટુંબના સભ્યો છે અને ત્રણેય સંસ્થાઓનો વહીવટ, દેખરેખ, અંકુશ અને સંચાલન એક જ જગ્યાએથી એક જ સરનામેથી અને એક જ કુટુંબના સભ્યો ઘ્વારા થાય છે તેમજ સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ કામદારોને એકમાંથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતા હતાં અને આવે છે. ત્રણેય સંસ્થાઓ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી છે, જેમાં આશરે ૧૦ જેટલા કામદારો નોકરીની ફરજો બજાવે છે. વધુમાં સંસ્થાઓ તરફથી તેઓને હાજરીકાર્ડ, પગાર સ્લીપ, રજા કાર્ડ કે ઓળખકાર્ડ આપવામાં આવતા ન હતાં અને ઓવરટાઈમ કામ કરાવતા હતા તેનું વળતર ચુકવવામાં આવતું ન હતું તેમજ લઘુતમ વેતન ધારા હેઠળ જાહેર કરવામાં આવેલ સ્પેશીયલ એલાઉન્સ પણ કામદારોને ચુકવવામાં આવતું ન હતું. જેથી અરજદારો જુલાઈ–ર૦૦૦ માં યુનિયનમાં જોડાતા અને યુનિયન મારફતે કોમ્પીટન્ટ ઓથોરીટી અને કોર્ટ સમક્ષ ફરીયાદો, રજુઆતો તેમજ કેસ દાખલ કરવામાં આવેલ, જેથી સંસ્થા અને કામદારો વચ્ચે તા.ર૭–૩–ર૦૦૧ ના રોજ સમાધાન કરવામાં આવેલ અને તે સમાધાન મુજબ અરજદારોને તેમની જુની સર્વિસના કાયદેસરના હકકો, અધિકારોના નાણા

ચુકવી દઈ તા.૧–૪–૨૦૦૧ ન રોજથી અરજદારોને ફ્રેશ એપોઈન્ટમેન્ટ આપીને નવેસરથી રાખવાની જોગવાઈ હતી. તે સમાધાન મુજબ અરજદારોને માર્ચ–૨૦૦૧ ના માસ સુધીનો પગાર આપીને સંસ્થાઓએ અરજદારોને તા.૧–૪–૨૦૦૧ ના રોજથી નોકરીમાં સમાવી લીધેલા, પરંતુ તા.૧–૪–૨૦૦૧ ના રોજ બાદ તેઓને સંસ્થાએ સમાધાનની શરતો મુજબ ફ્રેશ એપોઈન્ટમેન્ટ ઓર્ડર ઈસ્યુ કરેલ નહીં અને એપ્રીલ–૨૦૦૧ પછી પણ સંસ્થા તરફથી કયારેય હાજરીકાર્ડ, પગાર સ્લીપ, રજા કાર્ડ કે ઓળખકાર્ડ આપવામાં આવેલ નથી. જેથી તેઓએ વખતો વખત સંસ્થાના સંચાલકો સમક્ષ અથવા તો ભાગીદારો સમક્ષ તે અંગેની માંગણી કરતા, તેઓએ તા.૨૨–૬–૨૦૦૧ ના રોજથી કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર આપ્યા વગર મૌખિક હુકમથી છુટા કરેલ હોવાનું કથન કરેલ છે.

આથી વિપરીત સામાવાળા નં.૧ એ તેમના આંક–૧૨ થી રજુ થયેલ લેખીત જવાબમાં એવું કથન કરેલ છે કે, અરજદારો તેમની સંસ્થામાં નોકરી કરતા હતા, તથા સંસ્થા ઘણા સમયથી નાણાકીય ભીડ ભોગવતી હતી અને બજારમાં તીવ્ર હરીફાઈને લીધે તેમનો ધંધો ચાલુ રાખવો ખૂબ જ મુશ્કેલ હતો, જેથી તા.૨૪–૨–૦૧ ના રોજ સંસ્થા કાયમ માટે બંધ થઈ ગયેલ છે અને તેમાં કામ કરતા અરજદારોને તેમના કાયદેસરના નીકળતા તમામ હકકો આપીને ગુજરાત ઔદ્યોગિક મહામંડળના આગેવાનની હાજરીમાં અને અરજદારોની હાજરીમાં સુખદ સમાધાન થયેલ. તા.૨૭–૨–૦૧ ના રોજ સમાધાન થતાં અરજદારોને તેઓએ તેમને ત્યાં કેટલો સમય નોકરી કરી તે અંગેના કાયદેસરના તમામ હકકોના નાણા રોકડમાં ચુકવી આપવામાં આવેલ છે અને અરજદારો અને સામાવાળા નં.૧ નાએ સાથે બેસીને નોકરીની શરતો અંગેનો તમામ હિસાબ રાજીખુશીથી સમજી લીધેલ છે. અરજદારોને તેમના પ્રતિનિધિની હાજરીમાં નોકરીના વર્ષો તેમજ અન્ય હકકોની ચકાસણી કરીને સમાધાનના પેરા–૨ માં જણાવેલ નામ સામેના કાયદેસરના હકકોની રકમ ચુકવી આપવા તેઓ સહમત થયેલ અને તે પ્રમાણે

અરજદારોને તેમના કાયદેસરના નીકળતા તમામ હકકોના નાણા કુલ અને ફાઈનલ સમાધાન સ્વરૂપે ચુકવી આપેલ છે. અરજદારોએ સમાધાનમાં એવું પણ કબુલ કરેલ કે, સમાધાન થવાથી તેઓ અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર માલીકના સંબંધોનો કાયદેસર રીતે અંત આવેલ છે. વધુમાં તેઓની સંસ્થા તા.૨૪–૨–૦૧ ના રોજ બંધ થયેલ અને તા.૨૭–૨–૦૧ ના રોજ પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયા બાદ અરજદારોને કયારેય પણ તેઓએ સામાવાળા નં.૧ ની સંસ્થામાં કામે રાખવા કોઈ ખાતરી આપેલ નથી કે તેઓએ કયારેય પણ સામાવાળા નં.૧ ની સંસ્થામાં તેઓએ જણાવ્યા મુજબ કામ કરેલ નથી. સામાવાળા નં.૧ ની સંસ્થા તા.૨૪–૨–૦૧ પછી કયારેય ચાલુ કરેલ નથી, જેથી અરજદારોના જણાવ્યા પ્રમાણે તા.૨૨–૬–૦૧ ના રોજ છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ કામમાં સામાવાળા નં.૨ અને ૩ નાએ આંક–૮ અને ૧૦ થી લેખીત જવાબ રજુ કરેલ છે, જેમાં તેઓએ અરજદારો સાથે નોકર અને માલીકના સંબંધો નહીં હોવાનું કથન કરેલ છે. તેમજ અરજદારોએ તેઓની સંસ્થામાં કયારેય કામ કરેલ ન હોઈ, જેથી નોકરીમાંથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયેલ ન હોવાનું કથન કરેલ છે.

આમ, ઉપરોકત વિગતે પક્ષકારો તરફેથી જે પક્ષ નિવેદન કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો અરજદારોના કથન મુજબ તેઓ ત્રણેય સંસ્થામાં કામ કરતા હતા અને તેઓએ યુનિયનમાં જોડાઈને સક્ષમ ઓથોરીટી સમક્ષ ફરીયાદો અને રજુઆતો કરતાં તેઓ અને સંસ્થા વચ્ચે તા.૨૭–૩–૦૧ ના રોજ સમાધાન થયેલ અને તેમની જુની સર્વિસના કાયદેસરના હકક અધિકારોની રકમ ચુકવી દેવામાં આવેલી તેમજ તે સમાધાન મુજબ તેઓને તા.૧–૪–૦૧ ના રોજથી ફ્રેશ એપોઈન્ટમેન્ટ આપી નવેસરથી કામે રાખવાની જોગવાઈ હતી. તે સમાધાન મુજબ તેઓને માર્ચ–૦૧ સુધીનો પગાર આપીને સંસ્થાએ તા.૧–૪–૦૧ ના રોજથી નોકરીમાં સમાવી લીધેલ, પરંતુ ફ્રેશ એપોઈન્ટમેન્ટઓર્ડર આપેલ નહીં કે ત્યારબાદ

નોકરીને લગતા દસ્તાવેજો આપેલ નહીં, જેથી તેની માંગણી કરતાં તા.૨૨–૬–૦૧ ના રોજ છુટા કરેલ હોવાનું કથન કરેલ છે. જયારે સામાવાળાઓ પૈકી સામાવાળા નં.૧ નાએ એવું ચોકકસ કથન કરેલ છે કે, અરજદારો તેમના કામદારો હતા અને તેઓની સંસ્થા નાણાકીય ભીડ ભોગવતી હોવાથી તા.૨૪–૨–૦૧ ના રોજ સંસ્થા કાયમ માટે બંધ થયેલ અને અરજદારોને તા.૨૭–૨–૦૧ ના સમાધાન મુજબ તેઓની નોકરીના તમામ હકકો તેમના યુનિયનના પ્રતિનિધિની રૂબરૂમાં ચુકવી આપવામાં આવેલ. ત્યારપછી અરજદારોને ફરી કયારેય નોકરી ઉપર લેવામાં આવેલ નથી અને સામાવાળા નં.૨ અને ૩ નાએ અરજદારો સાથે નોકર અને માલીકના સંબંધ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. ત્યારે ઉપરોકત વિરોધાભાસી હકીકતો અનુસંધાને અરજદારો ઉપર નીચે મુજબની હકીકતો પુરવાર કરવાની જવાબદારી રહેલી છે.

- ➔ અરજદારોએ ત્રણેય સંસ્થામાં એકી સાથે કામ કરેલ છે.
- ➔ તા.૨૭–૨–૦૧ ના રોજનું સમાધાન ત્રણેય સંસ્થાઓની સાથે થયેલ અને તે સમાધાન મુજબ અરજદારોને નવેસરથી નોકરી ઉપર રાખવાની શરત હતી.
- ➔ તે સમાધાન થયા પછી અરજદારોને તા.૧–૪–૦૧ ના રોજથી નોકરીમાં સમાવી લીધેલ, પરંતુ ફ્રેશ એપોઈન્ટમેન્ટ ઓર્ડર ઈસ્યુ કરેલ નહીં કે નોકરીને લગતા દસ્તાવેજો સામાવાળાએ આપેલ નહીં. તેથી તેની માંગણી કરતાં તા.૨૨–૬–૦૧ ના રોજ અરજદારોને ત્રણેય સામાવાળાઓએ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે.

૧૩. ત્યારે હાલના કેસમાં પ્રથમ પ્રશ્ન અરજદારો અને સામાવાળાઓ વચ્ચે નોકર માલીકના સંબંધ બાબતનો ચર્ચા કરવા માટે ઉપસ્થિત થાય છે. સામાવાળા નં.૧ ની સંસ્થા એટલે કે દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ઘ્વારા એ હકીકત કબુલ કરેલ છે કે અરજદારો તેમના કામદારો હતાં. વધુમાં તેમની સાથે નાણાકીય ભીડ ભોગવતી હોઈ, જેથી તા.૨૪–૨–૨૦૦૧ ના રોજ સંસ્થા કાયમ માટે બંધ થઈ

ગયેલ અને અરજદારોને તેમના યુનિયનના પ્રતિનિધિની રૂબરૂમાં તા.૨૭-૨-૦૧ ના રોજ સુખદ સમાધાન કરી તેમના કાયદેસરના તમામ હકકો ચુકવી આપવામાં આવેલ હતાં. આ સંદર્ભે સામાવાળા તરફેથી આંક-૨૯ થી સદરહું અસલ સમાધાનની લખાણ રજુ કરેલ છે, જેમાં પ્રથમ પક્ષકાર તરીકે સામાવાળા નં.૧ ની સંસ્થાનું એકમાત્ર નામ દર્શાવેલ છે. આ સમાધાનમાં કોઈપણ જગ્યાએ સામાવાળા નં.૨ અને સામાવાળા નં.૩ ની સંસ્થા પક્ષકાર તરીકે દર્શાવેલ નથી. વધુમાં બીજા પક્ષકાર તરીકે ત્રણેય અરજદારો ઉપરાંત બીજા બે કામદારોના નામ દર્શાવેલ છે અને ૮/૦. તરીકે ગુજરાત ઔધોગિક કામદાર મહામંડળનું નામ દર્શાવેલ છે. આ સમાધાનની શરતો જોવામાં આવે તો અરજદારો સામાવાળા નં.૧ ની સંસ્થામાં કામ કરતા હોવાનું તેમજ સામાવાળા નં.૧ ની સંસ્થા તા.૨૪-૨-૦૧ ના રોજ કાયમ માટે બંધ થયેલ હોવાનું અને તે સંદર્ભે અરજદારો અને બીજા કામદારોને તેમના નામ સામે દર્શાવેલ રકમ તેમના કાયદેસરના નીકળતા તમામ હકકોના નાણા ફુલ એન્ડ ફાઈનલ સમાધાન સ્વરૂપે સામાવાળા નં.૧ ની સંસ્થાએ ચુકવેલ હોવાનું જણાવેલ છે. આ સમાધાન થયેથી સામાવાળા નં.૧ ની સંસ્થા પાસેથી અરજદારોનો બાકી પગાર, એરીયર્સ, લઘુતમ વેતન ધારા હેઠળ કોઈ રકમ, કલોઝર વળતર, બેકારી વળતર, ગ્રેજયુઈટી, બોનસ, હકક રજા, ઓવરટાઈમ કે કોઈ કરાર કે કાયદા હેઠળ કોઈપણ રકમ લેવાની બાકી નીકળતી નથી કે નોકરીના વર્ષો અંગે કોઈપણ જાતની તકરાર રહેતી નથી તેવું પેરા-૫ માં જણાવે છે. આ સમાધાનમાં સંસ્થા તેમજ પાંચેય કામદારોના સહી અને અંગુંઠાના કરવામાં આવેલ છે, તેમજ યુનીયન વતી શ્રી સી.આર.ચૌધરી અને સાક્ષીઓ તરીકે સામાવાળાના વકીલશ્રીઓએ સહી કરેલ છે. આ કામમાં ત્રણેય અરજદારોએ તેમની ઉલટતપાસમાં આ સમાધાનની સમગ્ર હકીકતો કબુલ રાખેલ છે. તેમજ તે સમાધાનમાં દર્શાવ્યા મુજબની રકમ તેઓને મળેલ હોવાનું કબુલ રાખેલ તેમજ તેની અસલ રસીદો આ કામમાં સામાવાળાએ માર્ક ૨૧/૮, આંક-૩૦ અને આંક-૩૯ થી રજુ કરેલ છે, જે અરજદારોએ સ્વીકારેલ છે. વધુમાં

અરજદારોએ તે સમાધાન થયા પછી સામાવાળા નં.૧ ની સંસ્થા સાથે કોઈ વિવાદ નથી તેવું પણ કબુલ કરેલ છે. તેમજ સામાવાળા નં.૧ સાથે જે સમાધાન થયેલ, તેમાં બીજી કંપનીમાં નોકરીમાં રાખવા માટેની કોઈ લેખીત શરત ન હતી તેવું કબુલ કરેલ છે. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો રજુ થયેલ છે તે આધારે આંક–૨૯ નું સમાધાન પુરવાર થયેલ છે અને તે સમાધાન ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, અરજદારો સામાવાળા નં.૧ ની સંસ્થાના કામદાર હતા, જે સંસ્થા તા.૨૪–૨–૨૦૦૧ ના રોજ કાયમ માટે બંધ થયેલી અને અરજદારોને સામાવાળા નં.૧ ની સંસ્થા સાથે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે રકમો તેમના યુનિયનના પ્રતિનિધિની રૂબરૂમાં ચુકવેલ હતીઅ ને તે બાબતેનું સમાધાન તા.૨૭–૨–૦૧ ના રોજ થયેલ હતું, જેમાં અરજદારો તેમજ તેમના પ્રતિનિધિની સહી કરવામાં આવેલી. આમ, આ દસ્તાવેજ ઉપરથી તેમજ રેકર્ડ ઉપર જે મૌખિક પુરાવો આવેલ છે, તે ઉપરથી અરજદારો સામાવાળા નં.૧ ના કામદાર હતા અને તે સંસ્થા તા.૨૪–૨–૦૧ ના રોજ બંધ થતાં સામાવાળા નં.૧ ની સંસ્થા અને અરજદારોને યુનિયનના પ્રતિનિધિની હાજરીમાં તા.૨૭–૨–૦૧ ના રોજ સમાધાન થયેલ હતું અને તે સમાધાન વખતે અરજદારોને તેમની નોકરીના સમયગાળાને ધ્યાનમાં રાખીને મળવાપાત્ર તમામ હકકોની રકમ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે ચુકવી આપવામાં આવેલ હતી અને તે મુજબ અરજદારો અને સામાવાળા નં.૧ ની સંસ્થા વચ્ચે નોકર અને માલીકના સંબંધો તા.૨૭–૨–૦૧ ના રોજ પુરા થયેલા હતાં. આ સમાધાનમાં કોઈપણ જગ્યાએ એવી શરત પક્ષકારો વચ્ચે નકકી થયેલ ન હતી કે, અરજદારોને નવેસરથી સામાવાળા નં.૧ અથવા તો સામાવાળા નં.૨ અને ૩ નાએ નોકરીમાં લેવાના રહેશે.

આ કામમાં ત્રણેય અરજદારોની સોગંદ ઉપરની સરતપાસમાં હસ્તાક્ષરથી એવું કથન કરેલ છે કે, ''સંસ્થાના એડવોકેટ શ્રી દેસીયા સાહેબ ધ્વારા તેઓને ફરીથી કામે રાખી લેવાની અને કાયદેસરના હકકો આપવાની ખાતરી અને બાંહેધરી આપવામાં આવેલ હતી.'' અરજદારો તરફેથી તેમની સરતપાસમાં

જે ઉપરોકત કથન કરેલ છે તે તેમના માંગણાના નિવેદનમાં પક્ષ નિવેદનરૂપે કરવામાં આવેલ નથી. ત્યારે પક્ષ નિવેદન મુજબનો પુરાવો કાયદા મુજબ ધ્યાને લઈ શકાય તેમ નથી. વધુમાં જે હકીકતો આંક–૨૯ ના સમાધાનરૂપે દસ્તાવેજમાં ન હોય, તે સંદર્ભે મૌખિક પુરાવો પ્રથમ દૃષ્ટિએ જ માની શકાય નહીં. ત્યારે એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, અરજદારો સામાવાળા નં.૧ ની સંસ્થાના કામદારો હતા અને સામાવાળા નં.૧ ની સંસ્થા નાણાકીય ભીડના કારણે બંધ થતાં સામાવાળા નં.૧ અને અરજદારો વચ્ચે તેમના યુનિયનની રૂબરૂમાં સમાધાન થયેલ, તે મુજબ તેઓને તેમની નોકરીના તમામ લાભો ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ તરીકે મળી ગયેલ હતા અને આ રીતે સામાવાળા નં.૧ અને અરજદારો વચ્ચે નોકર માલીકના સંબંધો સમાધાન થતાં તા.૨૭–૨–૦૧ ના રોજ સમાપ્ત થયેલ.

હવે અરજદારો અને સામાવાળા નં.૨ અને ૩ વચ્ચે નોકર માલીકના સંબંધ છે કે કેમ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો ઉપરોકત આંક–૨૯ ના દસ્તાવેજ મુજ સામાવાળા નં.૨ અને ૩ ની સંસ્થા તેવા સમાધાનમાં પક્ષકાર તરીકે ન હતી. અરજદાર નં.૧ નાએ તેમની આંક–૧૫ હેઠળની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ૧૯૮૦ થી ૨૭–૨–૦૧ સુધી તેઓએ દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીમાં નોકરી કરેલ, તેના તમામ હિસાબો તેઓને મળી ગયેલ છે. તે સમાધાન થયા પછી તેઓને દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે કોઈ વિવાદ નથી. વધુમાં તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે થયેલ સમાધાનમાં બીજી કંપનીમાં નોકરીમાં રાખવા માટેની કોઈ લેખીત શરત ન હતી, તેના ખુલાસામાં મૌખિક જણાવેલ હતું તેવું કથન કરેલ છે, અને નવેસરથી બીજી સંસ્થામાં નોકરી ઉપર રાખવાની વાત તેઓને તેમના એડવોકેટ શ્રી સી.આર. ચૌધરીએ કહેલ હોવાનું કથન કરેલ છે. વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તે બાંહેધરી મુજબ તેઓને નવેસરથી નોકરીએ નહીં રાખતા હાલનો કેસ કરેલ છે. આમ અરજદાર નં.૧ ની ઉપરોકત ઉલટતપાસ જોવામાં આવે તો તા.૨૭–૨–૦૧ નું સમાધાન થયા

પછી તેઓએ સામાવાળાઓ પૈકીની કોઈપણ સંસ્થામાં તા.૧–૪–૦૧ થી તા.૨૨–૬–૦૧ સુધી કામ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

અરજદાર નં.૨ નાએ પણ તેઓની આંક–૧૬ હેઠળની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તા.૨૭–૨–૦૧ ના રોજ દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે સમાધાન થયેલ, તેમાં બીજી સંસ્થામાં નવેસરથી કામે રાખવાની લેખીત શરત થયેલ ન હતી અને તેઓની મૌખિક બાંહેધરી મુજબ કામે ના રાખ્યા, તેથી હાલનો કેસ કરેલ છે.

અરજદાર નં.૩ નાએ તેમની આંક–૧૭ હેઠળની ઉલટતપાસમાં એવું કબુલ કરેલ છે કે તા.૨૭–૨–૦૧ ના સમાધાનમાં ફ્રેશ એપોઈન્ટમેન્ટ આપવાની લેખીતમાં કોઈ જોગવાઈ ન હતી.

આ કામમાં સામાવાળા નં.૨ ઈકોના પ્લાસ્ટ પ્રોસેસર ધ્વારા માર્ક ૨૦/૨ અને ૨૦/૩ થી અનુક્રમે એપ્રીલ–૦૧ થી માર્ચ–૦૨ સુધીના પગારપત્રક અને હાજરીપત્રક રજુ કરેલ છે. તેમાં કોઈપણ જગ્યાએ અરજદારોનું નામ હોય તેમ જણાતું નથી. તેમજ સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ. એન્ટરપ્રાઈઝ ધ્વારા માર્ક ૨૨/૬થી તા.૧–૪–૦૧ થી માર્ચ–૦૨ સુધીનું પગારપત્રક અસલ રજુ રાખેલ છે. તેમાં પણ કોઈપણ જગ્યાએ અરજદારોના નામ નથી. આ પગારપત્રકમાં જોવામાં આવે તો તે સંસ્થામાં તમામ કામદારો મહીલા વર્ગના રાખવામાં આવેલ હોવાનું જણાય આવે છે તેમજ આંક–૫૭ થી તે સંસ્થા તરફેથી સાહેદ નિરવભાઈ શામજીભાઈ પટેલને તપાસેલ છે. તેઓએ તેમની ઉલટતપાસમાં એવું કથન કરેલ છે કે, તેમની સંસ્થામાં ૩ થી ૫ કામદારો અંદાજીત કામ કરે છે અને તે મુખ્યત્વે બધા કામદારો મહીલા હોવાનું કથન કરેલ છે, જેને ઉપરોકત દસ્તાવેજ આધારે સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો આવેલ છે, તે જોવામાં આવે તો અરજદારોએ જેટલો પણ સમય કામ કરેલ, તે સામાવાળા નં.૧ ની સંસ્થામાં એટલે કે દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરેલ હતું અને તે સંસ્થા બંધ થતાં અરજદારોને તા.૨૭–૨–૦૧ ના સમાધાન મુજબ ફુલ એન્ડ ફાઈનલ

સેટલમેન્ટ પેટે રકમો તેમના યુનિયનના પ્રતિનિધિની રૂબરૂમાં ચુકવેલ હતી અને તે રીતે સામાવાળા નં.૧ ની સંસ્થા સાથે નોકર માલીકના સંબંધો સમાપ્ત થયેલ હતાં. ત્યારબાદ અરજદારોએ નવેસરથી ફરી કયારેય સામાવાળા નં.૧ ની સંસ્થામાં કામ કરેલ નથી અને સામાવાળા નં.ર ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસર્સ અથવા સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ.ઈન્ડસ્ટ્રીઝ નામની સંસ્થામાં તો કયારેય પણ કામ કરેલ જ નથી. આમ, અરજદારો તથા સામાવાળા નં.ર અને ૩ ની સંસ્થાઓ વચ્ચે કયારેય પણ નોકર માલીકના સંબંધો હતા જ નહીં. વધુમાં અરજદારોએ હાલનો વિવાદ તા.ર૫–૬–૦૧ ના રોજ ઉત્પન્ન કરેલ, ત્યારે તેઓને સામાવાળા નં.૧ ની સંસ્થા એટલે કે દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે પણ નોકર માલીકના સંબંધો લેખીત સમાધાન થવાને કારણે સમાપ્ત થઈ ગયેલ હતાં. તેમજ અરજદારોએ તા.ર૭–ર–૦૧ થી રર–૬–૦૧ ના સમય દરમ્યાન કોઈપણ સંસ્થામાં કામ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર પુરવાર થતી નથી.

૧૪. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ જયારે અરજદારો અને સામાવાળા નં.૧ ની સંસ્થા એટલે કે દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથેના નોકર માલીકના સંબંધો હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ તે તારીખ અગાઉથી જ સમાધાનથી સમાપ્ત થયેલ હોઈ, અને અરજદારો તથા સામાવાળા નં.ર અને સામાવાળા નં.૩ ની સંસ્થા વચ્ચે કયારેય નોકર માલીકના સંબંધો ઉત્પન્ન થયેલ જ ન હોઈ, ત્યારે અરજદારો સામાવાળી સંસ્થાઓના કામદાર હોવાનું અથવા તો તેઓએ કલમ ર૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ હોવાની કે તેઓને કલમ ર૫(એફ) ની જોગવાઈનો ભંગ કરીને નોકરીમાંથી છટણી કરેલ હોવાની હકીકતો આપોઆપ પુરવાર થતી નથી. વધુમાં અરજદારોના કથન મુજબ તેઓને સામાવાળાઓ દ્વારા તા.રર–૬–૦૧ ના રોજ મૌખિક રીતે નોકરીમાંથી છુટા કરેલ, ત્યારે અરજદારોના કથન મુજબ હાલના વિવાદનું કારણ તા.રર–૬–૦૧ ના રોજ ઉત્પન્ન થયેલ છે. પરંતુ રેકર્ડ ઉપર જે પુરાવો આવેલ છે તે આધારે એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થયેલ છે કે, અરજદારોએ સામાવાળા નં.૧ ની સંસ્થા એટલે કે દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝમાં

તા.૨૭–૨–૦૧ પછી કયારેય કામ કરેલ નથી અને તે તારીખના રોજ થયેલ સમાધાન મુજબ તેમના વચ્ચેના નોકર માલીકના સંબંધો સંપૂર્ણ રીતે સમાપ્ત થયેલ હતા, તેમજ અરજદારોએ સામાવાળા નં.૨ ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસર્સ કે સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ. ઈન્ડ. નામની સંસ્થાઓમાં તા.૧–૪–૦૧ થી તા.૨૨–૬–૦૧ દરમ્યાન કે અગાઉ કયારેય પણ કામ કરેલ જ ન હોય, ત્યારે અરજદારોએ તા.૨૨–૬–૦૧ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું જે કથન કરેલ છે તે સંપૂર્ણપણે રીતે સત્યથી વેગળું છે. ત્યારે તા.૨૨–૬–૦૧ ના રોજ હાલના વિવાદનું કોઈ કારણ જ ઉપસ્થિત થયેલ ન હોઈ, ત્યારે હાલનો કેસ કોઝ ઓફ એકશનના અભાવે પણ રદ થવાને પાત્ર છે.

૧૫. વધુમાં આંક–૨૯ થી રજુ થયેલ સમાધાનમાં જયારે લેખીતમાં કોઈ નવેસરથી નોકરી ઉપર લેવા બાબતે શરત કરવામાં આવેલ ન હોય ત્યારે જે વસ્તુ દસ્તાવેજમાં ન હોય, તે બાબતેના મૌખિક પુરાવાને કાયદામાં કોઈ સ્થાન પ્રાપ્ત થતું નથી. આ સંદર્ભે **ભારતીય પુરાવા ધારાની કલમ ૯૧** જોવામાં આવે તો જે બાબતનો લેખીત કરાર થયેલ હોય ત્યારે તે કરારની શરતો પુરવાર કરવા માટે કાં તો તેવો અસલ દસ્તાવેજ એટલે કે પ્રાઈમરી એવીડન્સ અથવા તો તેવા દસ્તાવેજની નકલ એટલે કે સેકન્ડરી પુરાવો રજુ કરવો જોઈએ. હાલના કેસમાં સામાવાળાએ આંક–૨૯થી તે અસલ દસ્તાવેજ રજુ કરેલ છે, જે સંપૂર્ણ રીતે પુરવાર થયેલ છે. ત્યારે આ સંજોગોમાં તેવા દસ્તાવેજથી વિરુધ્ધનો મૌખિક પુરાવો કોઈપણ સંજોગોમાં માની શકાય તેવો નથી. અરજદારોના ઉલટતપાસ દરમ્યાનના મૌખિક કથન મુજબ તેઓને સમાધાન કરતી વખતે મૌખિક રીતે જણાવવામાં આવેલ કે, તેઓને નવેસરથી નોકરીમાં રાખવામાં આવશે, પરંતુ તેઓને નોકરીએ નહીં રાખતા હાલનો કેસ કરેલ છે. પરંતુ હાલના કેસના ટર્મ્સ ઓફ રેફરન્સ જોવામાં આવે તો તેમાં તે બાબતેની કોઈ ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની કોર્ટને કેસ સુપરત કરેલ નથી, પરંતુ અરજદારોએ તા.૨૫–૬–૦૧ ના રોજ ઉત્પન્ન કરેલ ઔદ્યોગિક વિવાદ અનુસંધાને હાલનો કેસ ન્યાય નિર્ણય માટે સુપરત કરવામાં આવેલ છે. તે વિવાદ

મુજબ અરજદારોને સામાવાળાઓએ તા.૨૨–૬–૦૧ ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે કે કેમ? તેનો ન્યાય નિર્ણય કરવાનો થાય છે. તે સંજોગોમાં આંક–૨૯ ના સમાધાન વખતે અરજદારોને મૌખિક રીતે નોકરીમાં નવેસરથી લેવામાં આવશે કે કેમ? તેવા પ્રશ્નનો ન્યાય નિર્ણય કરવાની સત્તા અત્રેની કોર્ટને ટર્મ્સ ઓફ રેફરન્સ મુજબ પ્રાપ્ત થતી નથી અને અગાઉ કરેલ ચર્ચા મુજબ અરજદારોએ તા.૨૭–૨–૦૧ પછીથી તા.૨૨–૬–૦૧ સુધી સામાવાળાઓ પૈકી કોઈપણ સંસ્થામાં નોકરી જ કરેલ ન હોય ત્યારે આ સંજોગોમાં અરજદારો કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર બનતા નથી.

૧૬. આ કામમાં અરજદારોના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ ત્રણેય સંસ્થાઓ એક હોવાની દલીલ કરેલ છે. તેમજ સંસ્થાના માલીકો અને ભાગીદારો એક જ હોવાનું કથન કરેલ છે. આ સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો સામાવાળા નં.૨ ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસર્સ ધ્વારા માર્ક ૨૦/૧ થી તેમની સંસ્થાનું શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટના લાયસન્સની નકલ રજુ રાખેલ છે. સામાવાળા નં.૧ દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ ધ્વારા માર્ક ૨૧/૩ થી તેમની સંસ્થાનું શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટનું લાયસન્સ રદ કરવા માટેની અરજી રજુ રાખેલ છે. જયારે સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ. એન્ટરપ્રાઈઝ ધ્વારા માર્ક ૨૨/૧ થી ૨૨/૪ સુધી જુદા જુદા ડીપાર્ટમેન્ટ હેઠળ તેમની સંસ્થાના લાયસન્સને લગતા દસ્તાવેજોની નકલો રજુ કરેલ છે. ત્યારે રેકર્ડ ઉપર જે દસ્તાવેજો પુરાવો આવેલ છે તે આધારે ત્રણેય સંસ્થાઓ એકબીજાથી સ્વતંત્ર હોવાનું અને જુદી જુદી જગ્યાએ આવેલ હોવાનું પુરવાર થાય છે.

૧૭. આ બાબતે વધુ ચર્ચા માટે અમુક ચુકાદ્દાઓ ધ્યાને લેવા જરૂરી બને છે, જે પૈકી પ્રથમ ચુકાદ્દો **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **મારૂતી ઉધ્ધોગ લી. વિરુધ્ધ રામલાલ, ૨૦૦૫(૧)–એલએલજે–૮૫૩** નો ચુકાદ્દો જોવામાં આવે તો તેમાં એવું ઠરાવેલ છે કે, ટ્રાન્સફર અથવા કલોઝર (કલમ ૨૫(એફએફ) અને ૨૫(એફએફએફ) મુજબના કિસ્સામાં આઈ.ડી.એકટની કલમ ૨૫(એફ) માત્ર વળતરની ગણતરી પુરતી જ ધ્યાને લેવાની રહે છે. વધુમાં **નામદાર મદ્રાસ**

હાઈકોર્ટ સમક્ષનો **મેનેજમેન્ટ, વેવીન ઈન્ડીયા લીમીટેડ વિરુધ્ધ પ્રીસાઈડીંગ ઓફીસર, પ્રિન્સીપાલ લેબર કોર્ટ ચેન્નઈ, ૨૦૦૫–એલએલઆર.–૯૩૧, નામદાર દિલ્હી હાઈકોર્ટ** સમક્ષનો **પેક વર્કર્સ યુનિયન વિરુધ્ધ સેક્રેટરી, લેબર, ૨૦૦૩–એલએલઆર–૬૮૨, નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **હોન્ડા રામચંદ્ર વિરુધ્ધ યશવંત મહાદેવ કદમ, ૨૦૦૮(૧)–એલએલજે–૮૬૦, નામદાર કેરાલા હાઈકોર્ટ** સમક્ષનો **કેરાલા સ્ટેટ કેસ્યુ ડેવલપમેન્ટ કોર્પોરેશન વિરુધ્ધ લેબર કોર્ટ કોલ્લમ, ૨૦૧૬(૪)–એલએલજે–૨૬ (કેરાલા)** અને **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **ધ મેનેજમેન્ટ ઓફ નરેન્દ્ર એન્ડ કંપની પ્રા.લી. વિરુધ્ધ ધ વર્કમેન ધ નરેન્દ્ર એન્ડ કંપની, ૨૦૧૬–એલએલઆર–૨૨૫** ના ચુકાદ્દાઓમાં એવું ઠરાવે છે કે, સંસ્થાનું ટ્રાન્સફર થયેલ હોય અથવા કલોઝર થયેલ હોય તો તેવા કિસ્સામાં કામદાર માત્ર વળતર મેળવવા હકકદાર રહે છે અને તેના રીએમ્પ્લોયમેન્ટ અથવા પુન:સ્થાપિત થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **ડીસ્ટ્રીકટ રેડ ક્રોસ સોસાયટી વિરુધ્ધ બબીતા અરોરા, ૨૦૦૭– એલએલઆર–૧૧૨૫**નો ચુકાદ્દો જોવામાં આવે તો તેમાં એવું ઠરાવેલ છે કે, સંસ્થાના કલોઝરનો મતલબ એવો થતો નથી કે, સંપૂર્ણ સંસ્થાને બંધ કરી દેવી, પરંતુ જયારે સંસ્થાનો કોઈ ભાગ બંધ કરવામાં આવે તો પણ તે કલોઝરના પર્યાયમાં પડે છે અને તેવા કલોઝરવાળા ભાગમાં કામ કરતા કામદારને ચાલુ રહેતી સંસ્થામાં પુન:સ્થાપિત કરી શકાય નહીં. આમ હાલના કેસમાં સામાવાળા નં.૧ ની સંસ્થા દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ તા.૨૪–૨–૦૧ ના રોજ બંધ થયેલ હતી, તે અનુસંધાને અરજદારોને સમાધાનથી ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરરૂપે રકમો ચુકવી આપવામાં આવેલ છે, ત્યારે સામાવાળા નં.૧ સંસ્થાએ અરજદારોને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું કોઈપણ રીતે કહી શકાય તેમ નથી. વધુમાં જો સામાવાળા નં.૧ થી ૩ ની સંસ્થાના માલીક કે ભાગીદારો કે વહીવટદારો એક જ હોય અને તે પૈકીની કોઈ એક સંસ્થા બંધ કરવામાં આવે તો પણ તે બંધ થયેલ સંસ્થાના કામદારો

અન્ય સંસ્થામાં નોકરી મેળવવા માટે કે પુન:સ્થાપિત થવા માટે હકકદાર બનતા નથી. ત્યારે આ સંજોગોમાં પણ અરજદારો સામાવાળા નં.ર એટલે કે ઈકોનો પ્લાસ્ટ પ્રોસેસર્સ કે સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ. એન્ટરપ્રાઈઝમાં કોઈપણ સંજોગોમાં પુન:સ્થાપિત કે અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર બનતા નથી.

૧૮. આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા મુજબ અરજદારો અને સામાવાળા નં.૧ દર્શન પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે નોકર માલીકના સંબંધો હતાં, તે સંસ્થા તા.ર૪–ર–૦૧ ના રોજ સંપૂર્ણ રીતે બંધ થયેલ હતી અને તે અનુસંધાને અરજદારો અને સામાવાળા નં.૧ વચ્ચે તા.ર૭–ર–૦૧ ના રોજ સમાધાન થતાં અરજદારોને તેમની નોકરી સંદર્ભે મળવાપાત્ર હકકોની રકમ વળતરરૂપે ચુકવી આપવામાં આવેલ હતી અને આ રીતે અરજદારો અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર માલીકના સંબંધો સમાપ્ત થયેલ હતા, જેથી સામાવાળા નં.૧ નાએ અરજદારોને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત કોઈપણ રીતે પુરવાર થતી નથી. વધુમાં અરજદારોએ તા.૧–૪–૦૧ થી રર–૬–૦૧ સુધી સામાવાળા નં.૧ માં કામ કરેલ ન હોઈ, તેમજ સામાવાળા નં.ર ઈકોના પ્લાસ્ટ પ્રોસેસર્સ અને સામાવાળા નં.૩ આઈ.પી.સી.એલ. એન્ટરપ્રાઈઝમાં કયારેય પણ કામ કરેલ ન હોઈ, જેથી સામાવાળાઓએ તેઓને તા.રર–૬–૦૧ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, અરજદારોને સામાવાળાઓ દ્વારા નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોઈ, જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''**નકાર**'' માં આપવામાં આવે છે.

૧૯. હવે જયારે અરજદારોને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ જ ન હોય, ત્યારે તેઓ સામાવાળા પાસેથી કોઈપણ પ્રકારની દાદ એટલે કે પુન:સ્થાપિતની કે પડેલ દિવસના પગારની કે લમસમ વળતરની દાદ મેળવવા હકકદાર બનતા નથી. આ કામમાં સામાવાળાઓએ અરજદારો બેકાર નથી તેવું પુરવાર કરવા

માટે આંક–૬૧ થી સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાના કર્મચારીને સાહેદ તરીકે તપાસેલ છે અને તેમના પુરાવામાં અરજદાર નં.ર અને ૩ ના બેન્ક સ્ટેટમેન્ટની નકલો રજુ કરેલ છે. પરંતુ જયારે અરજદારો હાલના કેસમાં પુન:સ્થાપિત થવાની કે પડેલ દિવસના પગારની કે લમસમ વળતરની દાદ મેળવવા હકકદાર બનતા ન હોય ત્યારે તે પુરાવાની વિશેષ કોઈ ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. તે સંજોગોમાં મુદ્દા નં.(ર) નો જવાબ પણ ''**નકારમાં**'' આપવામાં આવે છે અને મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

અરજદારોનો હાલનો રેફરન્સ કેસ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૨૮–૦૫–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.